## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

## શ્રી ચીમનભાઇ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ - રાજકોટ

### ટૂંકી જાહેરાત (બીજો પ્રયત્ન)

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ કચેરીમાં જરૂરી ઝેરોક્ષ કામ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ૧-વર્ષ માટે ભાવ મંગાવવામાં આવે છે. જેની વિગતો વેબ સાઇટ WWW.rajkotuda.com પરથી મેળવી ટેન્ડરની સાથે સીલબંધ કવરમાં ઝેરોક્ષ માટેના ટેન્ડર લખી તા. 31૦૮-૨૦૨૧ના સાંજે ૦૬-૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે રજી.એ.ડી.થી રજુ કરવાના રહેશે.

(સી.બી.ગણાત્રા) (GAS)
મુખ્ય કારોબારી અધિકારી
રૂડા-રાજકોટ

માહિતી/રાજ/૨૦-૨૧/

3/8/21

મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ.

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

## શ્રી ચિમનભાઇ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ - રાજકોટ

### સત્તામંડળની જુદી - જુદી શાખાઓ માટેનાં વર્ષ દરમ્યાન જરૂરીયાત પ્રમાણે

### ઝેરોક્ષ કામના વાર્ષીક રેઇટ કોન્ટ્રાકટ

આ ઉપરથી હું / અમો ભાવ પત્ર આપુ છુ / આપીએ છીએ કે સાથેના પરિશિષ્ટમાં જણાવેલ લીસ્ટ મુજબ અને શરતો તેમજ સમજૂતી પ્રમાણે કામ પુરૂ પાડવા બંધાઉ છું. / છીએ.

| ૧ | કામની વિગત | ઝેરોક્ષ કામના વાર્ષીક રેઇટ કોન્ટ્રાકટ |
|---|---|---|
| ૧ | અર્નેસ્ટ મનીની રકમ | રૂા.૫,૦૦૦/- |
| ૨ | સિકયોરીટી ડિપોઝીટ | રૂા.૫,૦૦૦/- |
| ૩ | સંસ્થા (ફર્મ) નું નામ | |
| ૪ | ભાવ આપનારનું નામ | |
| ૫ | સેલ્સટેક્ષ/ટીન નંબર/પાન નંબર (ઝેરોક્ષ સામેલ રાખવી) | |
| ૬ | સંસ્થાના પ્રતિનિધિ/પ્રોપરાઇટર/ મેનેજરનું નામ | |
| ૭ | સરનામુ | |
| ૮ | ફોન નંબર / મોબાઇલ નંબર | |
| ૯ | તારીખ | |

- ઝેરોક્ષના ભાવો સીલબંધ કવર રજીસ્ટર પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ ______________.
- આવેલ ઝેરોક્ષના ભાવોની ખોલવાની તારીખ ______________________.

-------------------------------------

ભાવ આપનારની સહી તથા સિકકો

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની જુદી-જુદી શાખાઓ માટેના વર્ષ દરમ્યાન જરૂરીયાત પ્રમાણે ઝેરોક્ષ કામના વાર્ષીક રેઇટ કોન્ટ્રાકટની શરતો

## શ  ર  તો

૧ ભાવ ભરનાર સંસ્થા ઓછામાં ઓછી ત્રણ વર્ષ જુની હોવી જોઇએ. તેમજ આ અંગે માન્ય પુરાવા તરીકે સેલ્સટેક્ષ/ટીન નંબર/પાન નંબરની ઝેરોક્ષ નકલ ફોર્મ સાથે રજુ કરવાની રહેશે.

૨ ભાવ ભરનાર સંસ્થાનું અંતિમ બાર માસમાં સરકારી, અર્ધ સરકારી, સહકારી અથવા માન્ય સંસ્થાઓ સાથે પાંચ હજાર અથવા તેથી વધુ રકમનું ફકત કામ કરેલ હોવુ જોઇએ. આ અંગે માન્ય પુરાવા તરીકે દા.ત. વર્ક ઓર્ડરની નકલ, કાચુ સરવૈયુ, ઇન્કમ ટેક્ષ રીટર્ન વિગેરે ભાવ સાથે રજુ કરવાનું રહેશે. ભાવમાં માંગવામાં આવેલ તમામ વિગતો / માહિતી, જરૂરી આધાર, પુરાવા, ઝેરોક્ષ નકલો ફોર્મ સાથે જ બીડવામાં (રજૂ કરવામાં) આવેલ નહીં હોય તો આવા ફોર્મ રદ કરવાને પાત્ર થશે.

૩ જો પેઢી પ્રોપરાઇટરશીપની હોય તો માલિકનું નામ અને જો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોના નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમના મેનેજીંગ ડીરેકટરનું નામ, સરનામા, ફોન નંબરની વિગત સાથે આપવી. તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં કચેરી સાથે કરાર કરવાની સત્તા ધરાવતા ઇસમને જરૂરી અધિકારપત્ર કંપની તરફથી ઇસ્યુ થયેલો હોવો જોઇશે. તેની નકલ આ સાથે આપવાની રહેશે. વિશેષમાં કચેરી સાથેના ડીલીંગમાં જે આસામી સતત સંપર્કમાં રહી શકે તેના નામ/સરનામા/ફોન નંબરની વિગતો આપવાની રહેશે.

૪ જો ભાવ ભરનાર પેઢી કે આસામી રાજકોટ શહેર બહારના હશે તો તેઓની ઓફિસ રાજકોટ શહેરમાં હોવી જરૂરી છે. અન્યથા સ્થાનિક પ્રતિનિધિ હોવો જોઇશે. જેથી કરીને કોઇ વખત ટુંક મુદ્દતમાં કામ જોઇતુ હોય તો સત્વરે મળી શકે. ઉપરાંત ઓર્ડર લેવા પુફ વંચાવવા, પૃફ લેવા વિગેરે કામગીરીમાં બિનજરૂરી સમય પસાર ન થાય.

૫ ભાવ એફ.ઓ.આર. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરી અથવા કચેરીની સૂચના મુજબનાં સ્થળ/શાખામાં ડીલીવરી સહિત લાગુ પડતા તમામ વેરાઓ વિગેરે સાથેનાં જ આપવાના છે.

૬ આ કોન્ટ્રાકટ એક વર્ષ માટે છે એટલે કે કોન્ટ્રાકટનાં એગ્રીમેન્ટ થયાની તારીખથી એક વર્ષ સુધીનાં સમય માટે વર્ક ઓર્ડર આપી શકશે. તેમજ આ વર્ક ઓર્ડરની મુદ્દત પુરી થાય ત્યાં સુધી કોન્ટ્રાકટનો અમલ કરવાનો રહેશે. એટલે કે કોન્ટ્રાકટના છેલ્લા દિવસે કોઇ કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે અને તે કામની સમય મર્યાદા મુજબ તે વર્ક ઓર્ડર પુરતુ કામ કાજ આજ કોન્ટ્રાકટની શરતો/ભાવથી કરી આપવાનું રહેશે. તેમજ પરસ્પરની સમજુતીથી સમાન ભાવે, શરતોએ ટેન્ડરની મુદ્દતમાં વધારો કરી શકાશે.

૭ ઓછા ભાવ સ્વીકારવા કે નહિ તેમજ ઝેરોક્ષ સંબંધેની જરૂરીયાત નકકી કરવાનો હકક સત્તામંડળ અબાધિત રાખે છે. અને આ અંગે કશા કારણો આપવામાં આવશે નહીં.

૮ સરકારશ્રીમાં ચાલતા ઝેરોક્ષ અંગેના ભાવના ધોરણો મુજબ તથા વર્તમાનકાળે અમલમાં હોય તેવા નિયમો, પેટા નિયમોની જોગવાઇઓને આધિન રહી આ ઝેરોક્ષના ભાવો ભરવામાં આવેલ છે તેમ સમજવાનું છે.

૧૦ આ સાથેના ફોર્મ ઉપર જ ભાવ આપવાના છે. કોન્ટ્રાકટ અંગેના ફોર્મની જગ્યા ઓછી અગર અગવડરૂપ થાય તો ફકત લેટર હેડ ફોર્મ ઉપર ભાવ ભરી શકાશે. ટેન્ડર ફોર્મમાં કરેલ સહી સિકકા આ જનરલ શરતોને આધીન રહીને કરેલ છે તેમ સમજવાનું છે.

૧૧ આખુ ફોર્મ એકી વખત સારા અક્ષરથી ભરવાનું છે. ડાઘા ડુઘીવાળુ કે છેકછાક વાળુ કે જુદી - જુદી રીતે ભરેલા ફોર્મ રદ થવા પાત્ર ગણાશે. ભાવોમાં કોઇ છેક છાક થઇ શકે તો આંકડા કે શબ્દોને ધુંટયા સિવાય તેના ઉપર છેકો મારી ઉપરના ભાગે લખી શકાશે અને તેના ઉપર ટુંકી સહી કરવાની રહેશે.

૧૨ ફોર્મની કોઇ શરત કે આઇટમનાં વર્ણન કે સ્પેશીફીકેશનમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં અને કોઇપણ સપ્લાયરે આવા ફેરફાર કરેલુ ફોર્મ રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહીં.

૧૩ કરારની તારીખથી વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબની ઝેરોક્ષ કરી પુરી પાડવાના કામે માલ મજુરી, પીનીંગ, ગર્મીંગ, વિગેરે સહિત તથા તમામ ટેકસ સાથેના ભાવ અત્રેથી આપવામાં આવેલ પત્રકમાં ભરી બંધ કવરમાં નિયત તારીખ સુધીમાં ફકત રજીસ્ટર્ડ પોસ્ટ મારફત પહોંચતા કરવાના રહેશે.

૧૪ આ કામે ભાવ મંજુરીના ખબર મળ્યે દિવસ-૭ (સાત) માં ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર સત્તામંડળની તરફેણમાં કરારનામુ કરી આપવાનું રહેશે. એગ્રીમેન્ટ માટે જેટલી કિંમતનાં સ્ટેમ્પ પેપર/ બેંક ફ્રેન્કીંગ ખરીદવાના થાય તે સપ્લાયરે રજુ કરવાના રહેશે. સપ્લાયરે એગ્રીમેન્ટ કચેરીએ આપેલા નમુના મુજબ ટાઇપ કરાવવી રજુ કરવાનું રહેશે.

૧૫ જે કવોલીટીના ભાવ માંગવામાં આવે તે જ કવોલીટીના ભાવ આપવાના રહેશે. તે સિવાય અન્ય રીતે ભાવ ભરેલ હશે તે ગ્રાહય રાખવામાં આવશે નહીં. નમુનો માંગવામાં આવે તો તે આપવાનો રહેશે. આવેલ ભાવ મુજબ વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબની ઝેરોક્ષ વધુ કે ઓછા પ્રમાણમાં ઓર્ડર મુજબ કરવાની રહેશે.

૧૬ જયારે જયારે કામનો ઓર્ડર આપવામાં આવે ત્યારે કામના પ્રમાણમાં મુદ્દત આપવામાં આવશે. જરૂર જણાયે અત્યંત ટુંકી મુદ્દતમાં કામ કરી આપવાનું રહેશે. વર્ક ઓર્ડરમાં જણાવેલ મુદ્દતમાં સદરહું ઝેરોક્ષ કચેરીમાં પહોંચતો કરી આપવાનો રહેશે. તેમાં કસુર થયે દરરોજનાં બીલની રકમના અડધા ટકા પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે. તેમજ મુદ્દત વિત્યા બાદ કહેવા પ્રમાણેની કામગીરી કામ રાખનારના ખર્ચે અને જોખમે અન્ય પાસેથી ખરીદ કરી શકાશે. તેમ કરતા જે કંઇ નુકશાની જશે તે સત્તામંડળ કામ રાખનાર પાસેથી વસુલ કરી શકશે. કચેરી જરૂર જણાયે મૌખિક વર્ક ઓર્ડર પણ આપી શકશે જે મુજબ વેપારીએ કામગીરી કરવાની રહેશે.

૧૭ પાર્ટીએ ઝેરોક્ષ કરેલ વર્ક સપ્લાય કરતી વખતે ચલણ ફરજીયાત પણે આપવાનું છે.

૧૮ જે જે શાખાનું કામ આપવાનું આવે તે શાખામાં કામ રાખનારે બીલ સાથે આપવા તેમજ ઝેરોક્ષ બરોબર મળ્યા બદલનું પ્રમાણપત્ર જે તે શાખાને સોંપી બીલ સાથે કામ રાખનારે રાખવાનું રહેશે.

૧૯ વર્ક ઓર્ડર મુજબનું કામ નકકી કરેલ પેપર સાઇઝ / કલર કોમ્બીનેશન મુજબ કરી આપવાનું રહેશે. તેમાં જો કોઇ ફેરફાર થશે તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે નહીં. અને કામ રાખનારે પોતાના ખર્ચે અને જોખમે ફરી ઝેરોક્ષ કરી આપવાની રહેશે. તે માટે કોઇ સમય કે વળતર આપવામાં આવશે નહીં.

૨૦ ઝેરોક્ષ કામમાં જે તે નમુનામાં જે કલરની શાહીથી ઝેરોક્ષ કરેલ હોય તે અથવા સૂચન આપવામાં આવે તે કલરમાં ઝેરોક્ષ કામ કરવાનું રહેશે. તેમજ નવી ડિઝાઇન, ઇમ્પોઝ, પીનીંગ, ગમીંગ, પ્રુફ, વોટર માર્ક વિગેરે માટે કોઇ અલગ ચાર્જ આપવામાં આવશે નહીં.

૨૧ ફોર્મ ભરનારે શરતો બરાબર વાંચી સમજીને ભાવ ભરવાનો છે. અને શરતોના પત્રમાં દરેક પાને સહી સિકકો કરી આપવાનો છે. જો કરાર કરવામાં નહીં આવે તો ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. શરતો બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને ભાવ ભરનારે બંધનકર્તા રહેશે. વિવાદ ફકત રાજકોટ જયુરીસડીકશનમાં ચાલી શકાશે.

૨૨ મુદ્દતની ગણત્રી કરતી વખતે ઓર્ડર આપ્યાની તારીખથી માલ આપ્યાની તારીખની ગણત્રી કરવામાં આવશે. તેમજ આપવામાં આવેલ વર્ક ઓર્ડરની મુદ્દતમાં વધારો થઇ શકશે નહીં. વર્ક ઓર્ડર રદ કરવા સંબંધે સત્તામંડળનો અધિકાર રહેશે.

૨૩ આ વાર્ષિક રેઇટ કોન્ટ્રકટનું ટેન્ડર છે. આથી વર્ષ દરમ્યાન કોઇપણ પ્રકારનો ભાવ વધારો માંગી શકાશે નહીં કે આપવાનો રહેશે નહીં.

૨૪ વર્ક ઓર્ડર મુજબ ઝેરોક્ષ કરવામાં આવેલ ફોમ્સ, ફોરમેટ, પેમ્ફલેટ, પેડ, સર્ટીફીકેટ વિગેરે તમામ જોબમાં પ્રેસલાઇન વાંચી શકાય તેવા નાના અક્ષરોમાં છાપવાની રહેશે. જેમાં પ્રેસનું નામ, વર્ક ઓર્ડર નંબર, તારીખ, તથા કુલ જથ્થો દર્શાવવાનો રહેશે. જો મૌખિક સૂચનાથી તાત્કાલિક ઝેરોક્ષ કામ કરાવવામાં આવ્યુ હોય તો વર્ક ઓર્ડર નંબરની સામે "મૌખિક હુકમ" તેવુ દર્શાવવાનું રહેશે. તેમજ બાકીની વિગત યથાવત રીતે ઉપરની સૂચના મુજબ ઝેરોક્ષ કરવાની રહેશે.

૨૫ ધોરણસર બીલ પાસ થયે બીલની રકમ ચૂકવવામાં આવશે.

૨૬ ટેન્ડર મળ્યા બાદ આપવામાં આવેલ અર્નેસ્ટ મનીની રકમને જ સિકયુરીટી તરીકે જમા રાખવામાં આવશે.

૨૭ સિકયોરીટી ડિપોઝીટની રકમ કોન્ટ્રાકટનો સમયગાળો પૂર્ણ થયા બાદ ૯૦ દિવસ પછી પરત મળી શકશે.

૨૮ શરતી ભાવપત્ર / કોન્ટ્રાકટમાં જણાવેલ રીતથી બીજી રીતે ભરેલ ભાવ સ્વીકારવામાં આવશે નહીં.

૨૯ આવેલ ભાવો બાબતે જો વાટાઘાટ કરવામાં આવશે તો વાટાઘાટની રીત આ નીચે સહી કરનાર સાથે નકકી કરેલ વાટાઘાટ મુજબના ભાવો ભાવ ભરનારને બંધનકર્તા રહેશે. અને મંજુર થયેલ ભાવથી ઓછા કે વધુ સંખ્યામાં ઓર્ડર આપવામાં આવે તે રીતે ઝેરોક્ષ કામગીરી કરી આપવાની રહેશે.

૩૦ નીમાયેલ એજન્સીએ **GST**ને લગત તમામ નિયમોને આધીન રહી કામગીરી કરવાની રહેશે.

૩૧ આ અંગે ઝેરોક્ષ રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા ઝેરોક્ષ કર્યા અંગેની વિગતો રજીસ્ટરમાં નોંધવાની રહેશે. તથા રજીસ્ટરમાં જે તે કર્મચારીની સહી લેવાની રહેશે. જે વિગતો જે તે મહિનાના અંતે બીલમાં પણ દર્શાવવાની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

ઉપરોકત શરતો સમજૂતીઓ અમોએ વાંચેલ છે જે અમોને કબુલ મંજુર છે. તે બદલ નીચે સહી કરી આપેલ છે.

સ્થળ :

તારીખ : - - ૨૦૨૧

-------------------------------------

ભાવ આપનારની સહી તથા સિકકો

| રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ - રાજકોટ<br>પ્રિન્ટીંગ કામના વાર્ષિક કોન્ટેક્ટ માટેની આઇટમોનું પત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિગત | એકમ | અંકમાં | શબ્દમાં |
| ૧ | સાદી ઝેરોક્ષ કોપી (૧ નંગ) | A4 / Legal | | |
| ૨ | જમ્બો ઝેરોક્ષ કોપી (૧ નંગ) | A3 | | |
| ૩ | કલર ઝેરોક્ષ કોપી (૧ નંગ) | A4 / Legal | | |
| ૪ | કલર જમ્બો ઝેરોક્ષ કોપી (૧ નંગ) | A3 | | |
| ૫ | વાયર સ્પાઇરલ ૧ થી ૧૦૦ નકલો | A4 / Legal | | |
| ૬ | વાયર સ્પાઇરલ ૧૦૧ થી ૨૦૦ નકલો | A4 / Legal | | |
| ૭ | સાદા નકશાની ઝેરોક્ષ ( ૧ સ્કેવર ફીટનો ભાવ) | - | | |
| ૮ | કલર નકશાની ઝેરોક્ષ ( ૧ સ્કેવર ફીટનો ભાવ) | - | | |

સોફ્ટ કોપીમાંથી ઝેરોક્ષ કરી આપવાની રહેશે.

(નોંધ : ભાવો નિયત ખાનામાં અંકમાં અને શબ્દોમાં એમ બંને રીતે લખવા)

સ્થળ :
તારીખ : - - ૨૦૨૧

..............................
ભાવ